श्री कृष्णाय नमः

श्रीगोपीजन वल्लभाय नमः

श्रीआचार्यचरणपंकजोभ्य नमः

દામોદરદાસ હરસાનિજી – પુષ્ટિમાર્ગનાં પ્રખર પ્રાથમિક વૈષ્ણવ

(૨)

અતિ સૂક્ષ્મતાથી નિહાળતા અને સમજતા રહીએ, દામોદરદાસ હરસાનિજી આચાર્યશ્રી વલ્લભનાં પાર્દુભાવ પહેલાં તેઓ આ ભૂતલ પર જન્મ પામેલા. જ્યારે શ્રીવલ્લભાચાર્યજીનાં પ્રાકટ્યનાં સમાચાર ગામમાં આવ્યા કે એક બાળક એક ઝાડ નીચે ચારે બાજુ અગ્નિની જ્વાળામાં હસતું હસતું રમે છે. સમાચાર સાંભળનારામાં એક સાથે દોડવામાં માતાપિતા શ્રીઇલ્લમાંગુરૂ, શ્રીલક્ષ્મણભટ્ટજી અને સાથે અનેક વ્યક્તિઓની જોડે દામોદરદાસ! ઓહહ!



એક ક્ષણ માટે આપણે આપણાં મનને સ્થિર કરીએ. આપણે સ્નાતક છીએ, જ્ઞાન ધરાવીએ છીએ, ભાવ ધરાવીએ છીએ સાથે સાથે જાગૃત અને શ્રદ્ધેય પણ છીએ. આ સ્થળે અથવા આ વિસ્તારમાં દામોદરદાસ!

માન્યતા ભરેલા અનેક દ્રષ્ટાંતો છે, પણ શ્રીવલ્લભાચાર્યજીનાં જીવન ચરિત્રમાં કેવળ સત્ય છે – સિદ્ધાંત છે. અનેક યુગોથી છે આધ્યાત્મની સમજ અને છેલ્લા એક હજાર વર્ષમાં આર્ય સંસ્કૃતિનાં પ્રમાણિત કરતા અનેક દ્રષ્ટાંતો છે, જે દ્રષ્ટિ સુયોગ્ય કરે છે.

૧. અષ્ટછાપ કવિ – સૂરદાસજી – અનોખું અને ભવ્ય દ્રષ્ટાંત – ચર્મચક્ષુ નહીં પણ આધ્યાત્મ ચક્ષુ – જ્ઞાન ચક્ષુથી લીલામાં જીવવું.

૨. ભક્ત શિરોમણી – મીરાં – શ્રીદ્વારકાધીશમાં સમાઈ જવું. અદ્ભુત અને અનોખી આત્મીય લીલા.

૩. આદિગુરુ શ્રીશંકરાચાર્યજીનું રાજાનાં શરીરમાં સ્વ ધારણ સમાવવું અને બહાર આવવું

૪. માતા કુંતીનાં પુત્રો જન્મ – સર્વે પાંડવો – અલૌકિક દ્રષ્ટાંત છે

વૈજ્ઞાનિકોને ક્વોન્ટમ કણો એવા લાગે છે કે જાણે ભવિષ્યની ઘટનાઓ વાસ્તવિક સમયમાં ભૂતકાળના પરિણામોને ભૌતિક રીતે પ્રભાવિત કરી શકે છે.



ઉપસ્તિથી એ અણુઓ સાથે આત્મીય ઉર્જા સંબંધ છે – બંધારણ છે. આર્ય સંસ્કૃતિ આત્મીય આધ્યાત્મિક સંસ્કૃતિનું સર્વોચ્ચ સૈદ્ધાંતિક ઉર્જા સ્તોત્ર છે. જો નાલંદા વિદ્યાલય હોત તો અસંખ્ય ઉર્જા મંત્ર, યંત્ર, તંત્ર અને નિયંત્રણ હોત જ. આવા જ પુત્રનો જન્મ થવો, આવા જ લક્ષણો ઉદભવવા એ અંધશ્રદ્ધા નથી પણ વિજ્ઞાન છે. સાપેક્ષતા તેની મૂળ ધરોહર છે. આર્ય જ્ઞાન-વિજ્ઞાનને આપણે જાગૃત કરવું જ પડે, કારણકે આપણે તેઓનાં વંશ છીએ. આ ભૂમિ, જળ, વાયુ, આકાશ અને અગ્નિને અહીં ઉત્તેજવા અતિ આનંદ આવે છે, પણ તેના માટે તેઓને યોગ્ય વ્યાસપીઠ જોઈએ છે. દામોદરદાસ પુષ્ટિમાર્ગની વ્યાસપીઠ છે.

જ્યારે બાળસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી અગ્નિમાં રમતા હતા ત્યારે દામોદરદાસનાં આગ્નેય અંગમાંથી અનેક અલૌકિક આત્મીય તત્વો બાળસ્વરૂપ શ્રીઆચાર્યનાં અંગમાં પ્રવેશે છે. જે તત્વોની પ્રમેય બળતા બાળસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીને સુરક્ષિત રહીને બાહર માતાજીની ગોદમાં પધારે છે. **(મને ચોક્કસ ખબર છે કે જો કોઈ વ્યક્તિત્વ આ પ્રક્રિયાને એમ માને કે શ્રીપ્રભુની ઈચ્છા કે કૃપા કે શ્રીપ્રભુ જે કરે તે સારા**

માટે જ કરે છે, પણ જ્યારે તે જ વ્યક્તિત્વ કોઈ ભૂલ ભરેલું કાર્ય કે કર્મ કરે તો તુરંત તેના પર ગુસ્સે થઈને બે શબ્દો કડવા કહેશે, તે સમયે આવું કેમ નથી કહેતો કે શ્રીપ્રભુની ઈચ્છા કે કૃપા! શ્રીપ્રભુ જે કરે છે તે તેમની યોગ્યતા પ્રમાણે જ કરે છે અને કરાવે છે. અર્થાત આપણે સહુ બે લેવલ પર જીવીએ છીએ. (તો વાસ્તવિક્તા શું?) આ વાસ્તવિકતાને સમજવી જ આપણી યોગ્યતા છે અને તે જ યોગ્યતા કેવળ સત્યનાં સિદ્ધાંત આધારિત જ સ્વીકારાય. આ સિદ્ધાંત છે ચેતનાનો. ચેતના જ સર્વત્રને નિયમન કરે છે અને જો આ નિયમન સકારાત્મક હોય તો અવશ્ય તે ચેતનાથી અનેકો અયોગ્યતા, અનિત્યતા દૂર થઈ જાય છે.

" बहुस्यां प्रबायेयेति वीक्षा तस्य हया भूत्सती तदिच्छामात्रतस्तस्माद ब्रह्मभूतांशचेतना: "

એક માંથી અનેક થવાની સત્ય સંકલ્પતાની ઇચ્છા પ્રભુને થતાં, ઇચ્છા માત્રથી બ્રહ્મમાંથી બ્રહ્મભૂત અંશરૂપ જીવોનું વ્યુચ્ચરણ થયું.



ક્વોન્ટમ ભૌતિકશાસ્ત્ર સૂચવે છે કે તમારો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય બધા એકસાથે અસ્તિત્વમાં હોઈ શકે છે, સતત ક્રિયાપ્રતિક્રિયા કરતા હોય છે

આધ્યાત્મ પ્રમાણિત કરે છે સત્ય સંકલ્પ સાથે વ્યુચ્ચરણ થયું તો શ્રીવલ્લભાચાર્ય અને દામોદરદાસનાં બ્રહ્મભૂત તત્વોનું સત્ય સંકલ્પ સાથે એકીકરણ થયું તે પણ વદિત છે. આવી અલૌકિક લીલા જીવો સાથે થઈ શકે છે અને થાય છે.

એક દ્રષ્ટાંત લઈએ - આપણે કોઈ સત્સંગ કે દર્શન કરવા હવેલી જઈએ છીએ, મનમાં અનેક પ્રકારનાં વમળો કે સમયનાં અનેક પરિબળો વહેતા હોય, ચાલતા હોય પણ જેવા શ્રીપ્રભુનાં દર્શન કરીએ છીએ ત્યારે તે વમળો અને પરિબળો દૂર થઈ જાય છે.

શ્રીવલ્લભાચાર્યજી પ્રમાણિત કરે છે કે મારા માતપિતામાં જે નકારત્મકતા અથવા શ્રીપ્રભુ પ્રત્યે અછૂકલો વિશ્વાસ અવશ્ય સ્વમાં રહેલી અયોગ્યતા અને અઘટિત નિર્ણય કરવામાં પ્રેરે છે. એટલે તેઓ આ અધૂરું માસે જન્મેલ બાળકને છોડી જાય છે. જેવા તેઓ સમાચાર સાંભળીને દોડતાં આવે છે અને તેઓની પાછળ દામોદરદાસ આવે છે, અને જે દામોરદાસમાંથી સકારાત્મક તત્વો શ્રીવલ્લભમાં નિરુપાય છે તે જ શ્રીવલ્લભને સુરક્ષિત કરે છે. આર્ય સંસ્કૃતિનું આધ્યાત્મિક પ્રમાણ શ્રીવલ્લભાચાર્ય તેમના જન્મથી જ સિદ્ધ કરે છે. એટલે જ સકારાત્મક વિચાર, સંકલ્પ, ક્રિયા અવશ્ય સત્ય આચરણ જ કરાવે છે, અને તેનું ફળ પણ સત્ય સિદ્ધાંત આધારિત જ તુરંત સાંપડે જ છે.

પુષ્ટિમાર્ગનો પ્રાથમિક સિદ્ધાંત છે સકારાત્મકતા.

અંધવિશ્વાસ, અધૂરપ્તા, અજ્ઞાનતા, માન્યતા સ્વને ભટકાવે જ છે. સનાતન સંસ્કૃતિનાં સર્વે દાર્શનિક આચાર્યો આ સિદ્ધાંતને ઘૂંટી ઘૂંટીને આ ક્ષણ સુધી ટકોરિયા જ કરે છે.

દામોદરદાસ નિર્મલ, નિર્મોહી, વિશુદ્ધ અને પવિત્ર હતા એટલે તેઓની એક એક ધારા યોગ્યતા જ પાથરે. બ્રહ્માણ્ડમાં એવા અનેક અંશો છે, જે નકારત્મક તત્વોને દૂર અથવા નષ્ટ કરી સકારાત્મક ઊર્જા ઉત્પન્ન કરે છે, જે જીવ જીવનને સમૃદ્ધ અને પ્રજ્ઞાની બનાવે છે. આધ્યાત્મિક અને વિજ્ઞાન આ નિરંતર સિદ્ધાંતથી અનેક ભૂમિકાઓ પ્રસ્થાપિત કરે છે.

૧. ભક્ત પ્રહલાદ – મારો નારાયણ અને તે સર્વે હિરણ્યકશ્યપુંની પ્રતિશોધ પરીક્ષામાં સફળ

૨. સતી સાવિત્રી – યમરાજાનાં સર્વે પ્રલોભનો તરછોડી પોતાના સ્વ સત્ થી અર્થાત આત્મીય બળથી જીવંત કરાવે છે.

3. ભિષ્મ પિતામહ – પ્રતિજ્ઞા - ભક્ત ભગવાનને બાંધે છે – ભગવાન ભક્તથી બંધાય જ છે

૪. પાંડવો – અમારા માંથી કોઈનું મૃત્યુ થાય તો કૃષ્ણને પણ મૃત્યુ સ્વીકારવું પડે

(પુષ્ટિમાર્ગમાં આ ઉપર દર્શાવેલા પાત્રો – પુષ્ટિમય છે - પુષ્ટિ અનુયાયી છે – પુષ્ટિ સૈદ્ધાંતિક છે)

આ છે અનન્યાશ્રયની યોગ્યતા - જે દામોદરદાસમાં હતી. મારો તો એક જ આધાર શ્રીવલ્લભ.

નહીં આડંબર, નહીં વિદ્રોહ, નહીં વાદવિવાદ, નહીં દ્વેષ, નહીં વૈર, નહીં અન્યતા, નહીં અહંતા, નહીં મમતા, નહીં મમત્વતા, નહીં ભેદભાવ, નહીં કોઈપણ અન્ય સંબંધ કે બંધનની ઉર્જા.

શ્રીવલ્લભાચાર્યજી સુબોધિનીજીમાં નિરૂપણ કરે છે – **" दामोदरो भक्त्वश्यो "** જે પુરુષોત્તમ પરબ્રહ્મ ભક્તને વશ હોય તે જીવ!

" दमला यह मार्ग तेरे लिए प्रकट कियो है " આવી અસાધારણતા કેવળ શ્રીવલ્લભાચાર્યજી જ દર્શાવી શકે છે, શિક્ષિત કરી શકે છે, નિર્દેશ કરી શકે છે.

પુષ્ટિમાર્ગની પ્રાથમિક વૈષ્ણવ શિક્ષિકા એટલે – દામોદરદાસ હરસાનિજી



" निकट मति आवो " જ્યારે શ્રીવલ્લભાચાર્યજી દામોદરદાસ હરસાનિજીની ગોદમાં પોઢેલા ત્યારે જ શ્રીપ્રભુનું આગમન - ઓહહ! સાક્ષાત શ્રીપ્રભુને નહીં દંડવત કે આવકાર. કેટલી અનન્યતા સ્વ આચાર્યમાં. ભક્ત ભગવાનને બાંધે છે – ભગવાન ભક્તથી બંધાય જ છે પરંતુ ભક્ત ભગવાનને સાંસારિક પ્રક્રિયામાં છોડાવી શકતો નથી. કારણકે ભગવાન સર્વત્ર અને આપશ્રીને સર્વેને સર્વોત્તમ સમાનતાથી ન્યાય આપવાનો અને સુરક્ષિત કરવાનું. વૈભવનો ત્યાગ કરી શ્રીવલ્લભ શરણ સ્વીકાર્યું – **વૈષ્ણવની યોગ્યતાની બારાખડી દામોદરદાસ હરસાનિજીમાં પ્રતિબદ્ધ છે.**

પુષ્ટિમાર્ગની પ્રાથમિક શિક્ષા, સિદ્ધાંત દામોદરદાસ હરસાનિજીથી પ્રારંભ થાય છે. વૈષ્ણવતાની સર્વોત્તમતાનું બંધારણ દામોદરદાસ હરસાનિજીથી થાય છે, એટલે આપણે વારંવાર ઇચ્છીએ છે **"વૈષ્ણવ"** થવું છે – તો તેનો પંથ નિરાળો છે, અદ્વિતીય છે, અખંડ છે.

વૈષ્ણવતાની પાઠમાળા આચાર્યશ્રીએ દામોદરદાસમાં નિહાળી એટલે પુષ્ટિમાર્ગની સ્થાપના કરવાનું વિચાર્યું. એટલે આપશ્રી એ પરિક્રમા સાધનને અપનાવી, એક એક ડગ ભરતા અનેક પ્રકારનાં જીવોને પુષ્ટિજીવમાં પરિવર્તન કરી તેઓને સત્ય, પ્રેમ, કરુણા અને વિશ્વાસની યોગ્યતાથી પુરુષોત્તમતા નિરૂપવી.



ક્વોન્ટમ સિદ્ધાંત સૂચવે છે કે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય બધા એક કાલાતીત વાસ્તવિકતામાં એકસાથે સહઅસ્તિત્વ ધરાવે છે.

શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભાચાર્યજીને કહ્યું કે – **" तुम जीवनकू ब्रह्मसंबंध करो ताको हों हम अंगीकार करुंगों। तुम जीवनको नाम देउगे, तिनके सकल दोष निवृत होइगे। ताते तुम जीवन को अंगीकार करो।**

શ્રીવલ્લભાચાર્યજી નમન કરતાં શ્રીઠાકોરજીને કહે છે – **प्रीतम को मध्यम वस्तु दोषसहित जीव कैसे अंगीकार कराइए?**

શ્રીઠાકોરજી કહે છે – **जो आप ब्रह्मसंबंध करावे तो लोकमें जीवको द्रढ़ विश्वास होई, तातें श्रीठाकुरजीके मुखतें ब्रह्मसंबंध की आज्ञा कराए, तामें जीवनको विश्वास द्रढ़ कराए जो श्रीआचार्यजीको वचन दिए है, जाको ब्रह्मसंबंध किए है ताकों न छोड़ेंगे।**

સરળ, સત્ય, પ્રમાણિક, નિખાલસ, વિશુદ્ધ, પવિત્ર, શ્રદ્ધા, વિશ્વાસ, આધ્યાત્મ, આત્મીય અને સર્વે વ્યાકરણ અર્થથી કેવળ એક જ અર્થ –

જીવ – દોષરહિત છે જ

આચાર્યશ્રી – જીવ છે પણ તે અમૂક પ્રમાણ અંશે નિર્દોષ છે, નિર્મોહ છે, નિરપેક્ષ છે, નિર્મળ છે, નિ:સંદેહ છે, નિ:સંશયી છે, નિર્લેપ છે, નિ:સ્વાર્થી છે, ગુણાતીત છે, નિર્ગુણ છે, અસાધારણ છે, અભિભૂત છે, માર્ગદર્શક છે, દિશાસૂચક છે, નિર્દેશક છે, સર્જક છે, કૃતજ્ઞ છે, સિદ્ધ છે, સત્યાર્થી છે.

શ્રીઠાકોરજી – પ્રિતમ છે, પ્રિયે છે, પૂર્ણ છે, કરુણામય છે, સત્ય છે, એક છે.

આચાર્યશ્રી એ જેવું જીવનું નામકરણ કર્યું, બ્રહ્મસંબંધ કરવાયો એટલે તે જીવ ક્ષણે ક્ષણ નિર્દોષ, નિર્મોહ, નિરપેક્ષ, નિર્મળ, નિ:સંદેહ, નિ:સંશયી, નિર્લેપ, નિ:સ્વાર્થી, ગુણાતીત, નિર્ગુણ, અસાધારણ, સત્યાર્થી અને કરુણામયી રહે - તો જ શ્રીઠાકોરજી અંગીકાર કરે.

આ અનુભૂતિ પામવી હોય તો – **વંશ પરંપરાગત આપણાં જીવનગૃહમાં બિરાજતી ગૃહસેવા હોય તો શ્રીઠાકોરજી સમક્ષ આચાર્યશ્રીવલ્લભાચાર્યજીનું ચિત્રજી અથવા વિગ્રહને પુષ્ટાવેલા કરવા કોઈ તાદશી વૈષ્ણવનાં હસ્તે પુષ્ટ કરાવો અથવા જ્યાં નિધિસ્વરૂપ બિરાજતું હોય ત્યાં નિધિસ્વરૂપ શ્રીઠાકોરજીને વિનંતી કરી ગદ્ય મંત્ર, અષ્ટાક્ષર મંત્ર બોલી નિવેદન કરી સ્વ ચિત્રજી કે વિગ્રહની દ્રષ્ટિ કરાવી પુષ્ટ કરવા.**

આ જે દર્શન છે તે નથી કોઈ અંધશ્રદ્ધા કે નથી કોઈ માન્યતા કે નથી કોઈ અવિદ્યતા કે નથી કોઈ ગૈરસમજ કે નથી કોઈ ભ્રમણા કે નથી કોઈ અજ્ઞાનતા કે નથી કોઈ વિધ્વંશતા કે નથી કોઈ દ્વેષતા કે નથી કોઈ ધૃણા કે નથી કોઈ ભ્રષ્ટતા કે નથી કોઈ ધૃષ્ટતા કે નથી કોઈ અયોગ્યતા કે નથી કોઈ અજાણતા કે નથી કોઈ વૈરતા કે નથી કોઈ છેતરામણી કે નથી કોઈ બનાવટતા કે નથી કોઈ તર્ક વિતર્ક કે નથી કોઈ દુષ્ટતા કે નથી કોઈ ધૂર્તતા કે નથી કોઈ ગૈર દોરવણી કે નથી કોઈ અયોગ્ય માર્ગદર્શક – કેવળ છે સત્ય – સિદ્ધાંત – આત્મવિશ્વાસ.

"આ શ્રદ્ધા, વિશ્વાસ, વિશુદ્ધતા, પવિત્રતા, સત્યતા અને આત્મવિશ્વાસ છે તો આચાર્યશ્રી અવશ્ય નામ દેશે અને શ્રીઠાકોરજી અંગીકાર કરશે જ."

શ્રીઠાકોરજી અને આચાર્યશ્રી ની પુષ્ટિમાર્ગ પ્રસ્તાવનાની પુષ્ટિ વિષ્ટિ નાં સમયે દામોદરદાસ થોડે દૂર પોઢેલા હતા, દામોદરદાસજી નું મન, તન, જીવન સદા શ્રીવલ્લભાચાર્યજીને સમર્પિત હતું એટલે આચાર્યશ્રીએ દામોદરદાસજી ને પૂછ્યું – **दमला! तैं कछू सून्यों?**

દામોદરદાસજીએ કહ્યું - **महाराज! मैंने ठाकोरजीको वचन सून्यों सही, परि समझ्यों नाही।**

શ્રીવલ્લભાચાર્યજી દામોદરદાસજીનાં રહસ્યમયી ચરિત્રથી વાકેફ હતા, શ્રીવલ્લભાચાર્ય વિચારવા લાગ્યા કે દાસ કે સેવકની અતિ ઊંચી પરાકાષ્ઠા છે આ દામોદરદાસમાં. વાહ! દામોદરદાસ વાહ!

શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું – દમલા! તારામાં દાસત્વની અનોખી અને અલૌકિક સંસ્કારિતા છે.

દમલા! હું તને આજ્ઞા કરું છું કે, તું મને આ દાસત્વ વિશે વિશેષ કઇંક કહે, જેથી મારા મનમાં જે આંતરિક પ્રસ્થાપના છે તેને યોગ્યતા મળે.

દામોદરદાસએ કહ્યું – હે આચાર્ય! આપ તો સર્વથી વદિત છો, પણ કઇંક કહેવાનું કહો છો તો

આપ જેવા આચાર્યનાં દાસ બનવું જ મારી યોગ્યતા છે.

શ્રીવલ્લભાચાર્યજીએ દામોદરદાસને હૃદયસ્થ કરી કહ્યું – દમલા! તું મારૂ અંતરંગ છે, મારી જિજ્ઞાશા અને સંકલ્પનું પ્રેરક પુષ્ટિ બળ છે.

દામોદરદાસે પ્રણામ કરતાં કહ્યું – મહારાજ! આપ એવા આચાર્ય છો, જે નિરપેક્ષ જ્ઞાન અને ભાવથી જગત નાં જીવો માટે જે અથાગ પુરષાર્થ કરો છો – નહીં વૈભવ, નહીં માન, નહીં સમ્માન, નહીં ઐશ્વર્ય, નહીં ધન દૌલત, નહીં રાજકારણ, નહીં અપેક્ષા – સદા સૌનું કલ્યાણ. તેવા આચાર્યશ્રીનાં દાસ થવું જ જીવ અને જીવનની યોગ્યતા છે.

દામોદરદાસની અનન્યતાથી શ્રીવલ્લભાચાર્ય તેમને કહેતા – **तु मेरा जीवनसंगी हतें।** ઓહહ! અદભુત અલૌકિક આત્મીયતા. આ આત્મીયતાથી દામોદરદાસ શ્રીવલ્લભાચાર્યજીને જ પૂજતા, સેવા કરતા, સ્વને સમર્પિત કરતા.

તેઓ આચાર્યજીનાં સાનિધ્યથી માનસી સેવા પર તેમનું અનોખું પ્રભુત્વ હતું, દામોદરદાસ માનસી સેવાથી જ પુષ્ટિમાર્ગનાં સર્વે સિદ્ધાંતો અપનાવી સ્વને યોગ્ય કરતા રહેતા હતા. આચાર્યનાં એક એક ક્ષણનાં તેઓ ભક્તિસ્પર્શી હતા, કોઈપણ જીવ આવે તેને આચાર્યશ્રી વલ્લભ કહેતા કે દામોદરદાસે સાંગોપાંગ હ્રદયસ્થા તેમનામાં આરૂઢ કરેલી છે, એટલે તેઓ અંતરંગી હતા. શ્રીવલ્લભાચાર્યજીનાં એક એક સ્પંદન તેઓમાં નિરૂપાયેલા હતા. આ અંતરંગથી તેઓએ કદી તનુ વિતજા સેવા નથી કરી પરંતુ તેઓ સદા માનસી સેવામાં જ રાચતા હતા.

ઓહહ! અનોખી અનન્યતા! શ્રદ્ધા! વિશ્વાસ! આત્મસાતતા! સુદ્રઢ માનસિકતા, સ્વપાકીય વૈષ્ણવતા.

સાચે જ આચાર્યશ્રી ને તેમની આ પુષ્ટતાથી સંપ્રદાય પ્રસ્થાપના માટે સૈદ્ધાંતિક, સત્ય ઉપાસક પદ્ધતિ દ્રષ્ટિ સંકેત કરતી હતી.

દામોદરદાસજીનાં હૃદયમાં સદા શ્રીવલ્લભાચાર્યજી બિરાજતા અને શ્રીવલ્લભાચાર્યજીનાં હૃદયમાં શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ બિરાજે એટલે જ્યારે દામોદરદાસજી આચાર્યશ્રીને દંડવત કરતા તે પરબ્રહ્મ શ્રીગોવર્ધનનાથજીને જ પહોંચતા આ પુષ્ટિમાર્ગનો પ્રમેયબળ સિદ્ધાંત છે.



<u>આજનાં સમયમાં અનેક અનુયાયીઓ વિચારતા અને અપનાવતા કે શ્રીવલ્લભાચાર્યજીનાં સૌથી નિકટ આત્મીય જીવનસંગી દામોદરદાસ છે અને તેઓ આચાર્યશ્રી ની આજ્ઞા અનુસાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સેવા નથી પહોંચાડતા, છતાં આચાર્યશ્રી તેમને અધિક ને અધિક હૃદયસ્થ કરતા હતા. જો આ દાસત્વ ભક્તિ પદ્ધતિ જ ઉત્તમ હોય તો અમે પણ આચાર્યશ્રીનાં અંતરંગી થવા કેવળ આચાર્યશ્રીની જ ઉપાસના, સાધના અને સેવા કરીએ. એટલે અમે પણ કેવળ આચાર્યશ્રીની જ સેવા કરીશું. અને આચાર્યશ્રીનાં અનુગ્રહથી કે કૃપાથી જ જ્યાં શ્રીવલ્લભાચાર્યજી ત્યાં અમે. અમે શા માટે પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સેવા પહોંચાડીએ?</u>

અતિ ઊંડાણથી, તીવ્રતાથી, જિજ્ઞાશાઓની પરંપરાથી કે સત્ય પીપાસાથી ચિંતન, મનન, અધ્યયન કરીએ તો આચાર્યશ્રીનું મૂલત્વ શ્રીગોવર્ધનનાથજી છે. સ્વયં આચાર્યશ્રી સ્વ ગતિ શ્રીગોવર્ધનનાથજીને સમર્પિત કરીને સ્વ જીવન કૃતાર્થ કરે, તો શા માટે અલગતાની અસૈદ્ધાંતિક દ્રષ્ટિ રાખે, સ્વીકારે કે અપનાવે! **દાસત્વથી દાસત્વ પ્રકટે કે મૂલત્વથી દાસત્વ પ્રકટે!**

કોઈ એમ કહે કે - સૂર્યમાંથી પૃથ્વી છૂટી પડી છે, પણ હું પૃથ્વી પર જીવુ છું તો હું પૃથ્વીને જ કેમ નાં પૂજુ! સૂર્યમાં પૃથ્વી ભલે અંતરંગ છે, પણ મારે સર્વે પુરુષાર્થ પૃથ્વી અનુસાર જ કરીશ તો હું અવશ્ય પૃથ્વી પામીશ. પૃથ્વીને પામવાથી મેં સર્વ પામ્યું જ કહેવાય!

વિદ્યાલયમાં આચાર્ય – શિક્ષક – વર્ગ નિયંત્રકથી જ આખા વિદ્યાલયનું સંચાલન થાય, દરેક વિદ્યાર્થી વર્ગ નિયંત્રકને સ્વીકારે, અપનાવે તો વિદ્યાલયની પરિસ્તિથી અને વિદ્યાર્થીની શિક્ષાનું શું થાય?

કુટુંબમાં માતાપિતા – પુત્રો – પૌત્રોથી કુટુંબ બંધાય, જો માતપિતા કુટુંબનું બંધારણ સંસ્કારિતાથી ઘડે તો અવશ્ય પુત્ર અપનાવે અને પુત્ર અપનાવાથી પૌત્ર અપનાવે અને વંશ પરંપરાગત યોગ્યતા પૂર્વક સ્થિર ચાલે પણ પુત્ર તેની વિચારધારાઓથી અલગ થાય તો માતપિતા એમની વિચારધારાઓથી અલગ થઈ જાય અને પૌત્રો એમની વિચારધારાઓથી અલગ થઈ જાય તો કુટુંબ કોને કહેવાય?

પુષ્ટિમાર્ગનું બંધારણ અતિ અનોખું છે, આધ્યાત્મિક, સર્વાનંદ સભર ઉત્તમ જીવન શૈલીમાં વિનય, વિવેક અને શિસ્તથી ઘડાયેલું છે. શ્રીવલ્લભાચાર્યજીનાં જીવન ચરિત્રની એક એક ઉર્જા ને સ્પર્શ કરીએ તો અવશ્ય શ્રીવલ્લભની પ્રજ્ઞાનતા અને યોગ્યતા જ સાંપડીશું. શ્રીવલ્લભાચાર્યજીની એક એક વિરંચિતા, એક એક જીવ જાગૃતતા, એક એક વિદ્યા પ્રણાલી જગત જીવને ઉચ્ચ્તા જ પદાર્પણ કરશે.

દામોદરદાસજીની એક એક લાક્ષણિકતા આપણને યોગ્ય માર્ગદર્શન અને દિશા જ આપે છે. દામોદરદાસ પોતે ઉત્તમ તત્વજ્ઞાની હતા. દામોદરદાસ સ્વ ચિંતનીય, સ્વ મનનીય અને સ્વ અધ્યયનીય હતા. તેઓ માન્યતા, સામાજિક રીતિરિવાજો, પરંપરાની અજ્ઞાની ઘરેડ, અસૈદ્ધાંતિક બંધારણ કે સ્વાર્થ ભરેલી વિદ્યતાથી દૂર હતા. જગતનાં અનેક તત્વજ્ઞાનીઓને સમજીએ તો તેઓ કેવળ સત્ય, વિવેક, વિદ્યા, વિશ્વાસ, કરુણા અને પ્રેમ પર જ જીવ સૃષ્ટિને ઉત્તમ કરતા રહ્યા છે.

" सर्वदा सर्वभावेन भजनीयों व्रजाधिप: स्वस्यायमेव धर्मोहि नान्य: कवापि कदाचन "

" **दमला यह मार्ग तेरे लिए प्रकट कियो है** " અર્થાત હે જીવ! આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે, તારે જ સર્વ સિદ્ધાંત સ્વીકારી, અપનાવી સ્વ જાગૃત કરી, ઉત્કૃષ્ટ કરી, સ્વ યોગ્યતા કેળવી પુષ્ટિ સૃષ્ટિ પામવાની છે. એટલે આપણે દામોદરદાસ થવાનું છે, કેળવવાનું છે.

શ્રીવલ્લભાચાર્યજી સાથે ઘનિષ્ઠતા બાંધવાની છે, એક-બીજાનાં પૂરક થવાનું છે. પુષ્ટિમાર્ગનું આ આધ્યાત્મિક રહસ્ય છે. દામોદરદાસ દાસ્ય,સખ્ય અને આત્મનિવેદનથી આચાર્યશ્રી સાથે એકરૂપ હતા – એકાત્મ હતા.

એક જ છે આધાર શ્રીવલ્લભ

એક જ છે વિશ્વાસ શ્રીવલ્લભ

એક જ છે સેવા શ્રીવલ્લભ

એક જ છે સાકાર શ્રીવલ્લભ

એક જ છે વિચાર શ્રીવલ્લભ

એક જ છે આચાર શ્રીવલ્લભ

એક જ છે પૂકાર શ્રીવલ્લભ

એક જ છે અભિસાર શ્રીવલ્લભ

એક જ છે અવતાર શ્રીવલ્લભ

એક જ છે સંસ્કાર શ્રીવલ્લભ

એક જ છે શૃંગાર શ્રીવલ્લભ

એક જ છે પુરુષાર્થ શ્રીવલ્લભ

એક જ છે સત્યાર્થ શ્રીવલ્લભ

એક જ છે પરમાર્થ શ્રીવલ્લભ

એક જ છે તત:સુખાર્થ શ્રીવલ્લભ

એક જ છે પુષ્ટિદ્વાર શ્રીવલ્લભ

એક જ છે મૂલાધાર શ્રીવલ્લભ

એક જ છે ઉદ્ધાર શ્રીવલ્લભ

એક જ છે નાથદ્વાર શ્રીવલ્લભ

એક જ છે અંગીકાર શ્રીવલ્લભ

એક જ છે સ્વીકાર શ્રીવલ્લભ

એક જ છે અધિકાર શ્રીવલ્લભ

એક જ છે સાક્ષર શ્રીવલ્લભ

એક જ સાક્ષાત્કાર શ્રીવલ્લભ

“ જય શ્રી કૃષ્ણ “

નોંધ: સત્સંગ અને અનુભૂતિ આધારિત જ્ઞાન-ભાવ

ટિપ્પણી – આ પુષ્ટિમાર્ગ – ૮૪ વૈષ્ણવ સિદ્ધાંત – પ્રસ્તાવના – પ્રાથમિક વૈષ્ણવ – દામોદરદાસ હરસાનિજી સચરિત્ર તૈયાર કરી રહ્યા છે.

“ Vibrant Pushti “

૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા

હરણી રોડ, શહેર – વડોદરા - ૩૯૦૦૦૬ – ગુજરાત – ભારત

Email – vibrantpushti@gmail.com - મોબાઇલ – ૯૩૨૭૨૯૭૫૦૭